For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રંગ હરા હરીસિંગ નલવે સે...રંગ લાલ હૈ લાલ બહાદુર સે.. રંગ બના બસંતી ભગતસિંહ..રંગ અમન કા વીર જવાહર સે..

■ આવતી કાલે શહેરમાં રાજ્યના મુખ્યમંત્રીની હાજરીમાં ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે 15 ઓગસ્ટ સુધી સમગ્ર શહેર ત્રણ રંગમાં રંગાવા માટે સજ્જ થઇ ગયું છે. શહેરની દિવાલો, સર્કલો અને પુલો ઉપર જ્યાં જુઓ ત્યાં કેસરી, સફેદ અને લીલો રંગ જ જોવા મળે છે. તો સુરત મહાનગર પાલિકા દ્વારા ત્રણ રંગની રોશનીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. **(તસવીર : હેમંત ડેરે)**

50 % ટેરિફથી અમેરિકામાં થતી તૈયાર હીરા અને ડાયમંડ જ્વેલરીની 85% નિકાસ પર બ્રેક લાગશે

ભારતની અડધાથી વધુ નિકાસ અમેરિકામાં થાય છે, ,હજારો નોકરીઓ જશે, કિરીટ ભણસાલી

સુરતઃ ડાયમંડ જ્વેલરી ઉપર 50% ટેરિફ લાદવાની અમેરિકાની જાહેરાત અત્યંત ચિંતાજનક છે. આ પગલાથી ભારતની અર્થવ્યવસ્થા પર વ્યાપક અને ઊંડી અસર પડશે - મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલાઓ વિક્ષેપિત થશે, નિકાસ પર પ્રતિબંધ આવશે અને હજારો લોકોની આજીવિકા જોખમમાં મૂકાશે.ખાસ કરીને હીરા રત્નો અને ઝવેરાત ક્ષેત્રને ભારે ફટકો પડશે. અમેરિકા આપણું સૌથી મોટું નિકાસ બજાર છે, જ્યાં આપણે દર વર્ષે $10 બિલિયનથી વધુની નિકાસ કરીએ છીએ - જે ઉદ્યોગના કુલ વૈશ્વિક વેપારના લગભગ 30% છે. આટલા મોટા પાયે ટેરિફ આ ક્ષેત્ર માટે અત્યંત નકારાત્મક સાબિત થશે.

ભારતીય રત્નો અને ઝવેરાત નિકાસ પર અમેરિકાના પારસ્પરિક ટેરિફની અસર વિશે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) નાં ચેરમેન કિરીટ ભણસાલી એ જણાવ્યું હતું કે, ભારતની હીરા, રત્નો અને ઝવેરાત નિકાસ યુએસ બજાર પર ભારે નિર્ભરતા ધરાવે છે. ખાસ કરીને, SEEPZ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) માંથી 85% નિકાસ યુએસ જાય છે, જે લગભગ 50,000 લોકોને રોજગારી પૂરી પાડે છે. કટ એન્ડ પોલિશ્ડ હીરાની વાત આવે ત્યારે ભારતની અડધાથી વધુ નિકાસ અમેરિકામાં થાય છે. આવી સ્થિતિમાં, આવા સુધારેલા ટેરિફ વધારાથી સમગ્ર ઉદ્યોગ સ્થગિત થઈ શકે છે, જેનાથી નાના કારીગરોથી લઈને મોટા ઉત્પાદકો સુધીની વેલ્યુ ચેઇનના દરેક ભાગ પર ભારે દબાણ આવી શકે છે.

IIJS પ્રીમિયર 2025 ની તાજેતરની સફળતા એ વાતનો પુરાવો છે કે સ્થાનિક માંગ અત્યંત મજબૂત છે. આ કાર્યક્રમમાં રૂ. 70,000 કરોડથી રૂ.1 લાખ કરોડની વેપાર સંભાવનાનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. ભારતીય સ્થાનિક બજાર હાલમાં $85 બિલિયન છે, અને આગામી બે વર્ષમાં તે 130 બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે.

કાઉન્સિલે સ્પષ્ટ કર્યું કે વર્તમાન પરિસ્થિતિમાં વેપાર વાટાઘાટો શક્ય નથી, પરંતુ ઉદ્યોગ નીતિગત સુધારા અને વ્યાપક સમર્થન દ્વારા આ કટોકટીને દૂર કરી શકે છે. GJEPC એ એમ પણ કહ્યું કે દેશના એક જવાબદાર ઉદ્યોગ અને નાગરિક તરીકે, તેઓ સરકાર સાથે એકતામાં ઉભા છે અને રાષ્ટ્રના આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરશે.

વેપાર UAE, તુર્કી, વિયેતનામ અને થાઇલેન્ડ શિફ્ટ થવાનો ભય

કિરીટ ભણસાલી એ જણાવ્યું હતું કે, ચિંતાનો વિષય એ પણ છે કે તુર્કી, વિયેતનામ અને થાઇલેન્ડ જેવા સ્પર્ધાત્મક ઉત્પાદન કેન્દ્રોને અમેરિકા દ્વારા અનુક્રમે 15%, 20% અને 19% પર લાદવામાં આવેલા ઓછા ટેરિફનો ફાયદો થાય છે. તેની તુલનામાં, ભારતના ઉત્પાદનો હવે યુએસ બજારમાં ઓછા સ્પર્ધાત્મક દેખાશે. જો આ અસંતુલનને દૂર કરવામાં નહીં આવે, તો અમેરિકાને લાંબા ગાળાના સપ્લાયર તરીકે ભારતની સ્થિતિ નબળી પડી શકે છે. અમને એ પણ ચિંતા છે કે મેક્સિકો, કેનેડા, તુર્કી, યુએઈ અથવા ઓમાન જેવા ઓછા ટેરિફ ધરાવતા દેશોમાં વેપાર ફરીથી થઈ શકે છે. આ ફક્ત કાયદેસર વેપારની ભાવનાને નબળી પાડશે નહીં પરંતુ પારદર્શિતા પર પણ નકારાત્મક અસર કરશે.

કેન્દ્ર સરકાર તાત્કાલિક રાહત પેકેજ જાહેર: GJEPC

જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (GJEPC) એ ભારત સરકારને વિનંતી કરી છે કે તેઓ તમામ ભારતીય માલ પર યુએસ દ્વારા લાદવામાં આવેલા 50% ટેરિફના સંદર્ભમાં તાત્કાલિક રાહત પેકેજ આપે. ઓર્ડર રદ થવાના કિસ્સામાં, કાર્યકારી મૂડી અટકી શકે છે, જેનાથી SEZ એકમો NPA બનવાના જોખમમાં મુકાઈ શકે છે. આવી સ્થિતિમાં, એવું સૂચન કરવામાં આવે છે કે SEZ એકમોને સ્થાનિક બજારમાં (DTA) તેમનો હાલનો સ્ટોક અથવા પાઇપલાઇન વેચવાની મંજૂરી આપવામાં આવે. આવા વેચાણ પર ડ્યુટી ફક્ત ઘરેણાં ઉત્પાદનમાં વપરાતા ડ્યુટી-ફ્રી ઇનપુટ્સના મૂલ્ય પર જ લાદવી જોઈએ. સૂચન કરવામાં આવે છે કે બેંકોને કોઈપણ દંડ વિના પ્રી-શિપમેન્ટ લોનની નિયત તારીખ ઓછામાં ઓછી 90 દિવસ લંબાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે, જેનાથી નિકાસકારોને કામચલાઉ રાહત મળે.રેટિંગ એજન્સીઓને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રના ક્રેડિટ રેટિંગને સ્થિર રાખવા વિનંતી કરવામાં આવે.

બળેવ, સાતમ-આઠમ સહિતના તહેવારોમાં મીઠાઈ બનાવતાં, ખાતા ચેતવા જેવું

સુરતની દૂધના માવાની ખ્યાતનામ આઠ દુકાનોમાંથી વેજિટેબલ ફેટની ભેળસેળ ઝડપાઈ

પોલિકાએ લીધેલા 22 પૈકીનાં 10 સેમ્પલ ફેઈલ થઈ ગયાં

શંકર, શ્રી કૃષ્ણ, ગણેશ, જય અંબે, અંબા શંકર, નંદકિશોર અને અમૃત ડેરીના માવામાં વેજિટેબલ ફેટની ભેળસેળ બહાર આવી

કઈ કઈ સંસ્થાના નમૂના ફેઈલ

- શંકરલાલ માવાવાલા (તરતિયા હનુમાન મંદિરની પાસે, હરીપુરા),
- શ્રી કૃષ્ણ માવા ભંડાર (9/124, 221, ખાંડવાલા ની શેરી, વાડી ફળિયા, અંબાજી રોડ),
- શ્રી ગણેશ ડેરી અને મીઠાઈઓ (રાધેશ્યામ કોમ્પ્લેક્સ, આશા નગર-2, ઉધના),
- જય અંબે માવા ભંડાર (9/930, ચાચવા શેરી, નાની છીપવાડ, ઝટપટિયા હનુમાન પાસે, અંબાજી રોડ),
- અંબા શંકર માવા ભંડાર (9/2094, ગોપી શેરી, બરાનપુરી ભાગળ),
- શ્રી કૃષ્ણ ડેરી (દુકાન નં.3, ભગુ નગર સોસાયટી, એલ.એચ.રોડ, વરાછા),
- નંદકિશોર એસ માવાવાલા (કોટસફીલ રોડ, દેના બેંકની સામે)
- અમૃત ડેરી ફાર્મ (દુકાન નંબર 7-8, ઘનમોરા કોમ્પ્લેક્સ-ડી, સિંગણપોર રોડ, કતારગામ)

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શ્રાવણ મહિનો અને આવનારા તહેવારોને ધ્યાનમાં રાખી બે દિવસ અગાઉ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી દૂધના માવાના કુલ 22 નમૂના લેવામાં આવ્યા હતા. જો કે તે પૈકી 10 માવાના નમુના ફેઈલ નીકળ્યા છે. આ તમામ માવામાં વેજીટેબલ ફેટની ભેળસેળ હોવાનું સાબિત થયું છે.

સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાં દૂધના માવાનું વેચાણ કરતી સંસ્થાઓમાં તપાસ કરવામાં આવી હતી અને કુલ 22 જેટલા દૂધના માવાના સેમ્પલો લઈ તપાસ

...અનુસંધાન પાના 5 પર

વધુ પડતા લોકોને એકસાથે જોઈને તાણમાં આવી જતાં વિદ્યાર્થિનીનો આપઘાત

અડાજણમાં રહેતી સાર્વજનિક એન્જિનિયરિંગ કોલેજની વિદ્યાર્થિનીની ડિપ્રેશનની દવા ચાલતી હતી

માતા રાંદેર ખાતે સરકારી શાળાનાં આચાર્યા છે, વિદ્યાર્થિનીને એકલા રહેવાનું જ પસંદ હતું

સુરતઃ અડાજણમાં રહેતી સાર્વજનિક એન્જિનિયરિંગ કોલેજની એન્જિનિયરની વિદ્યાર્થિનીએ આપઘાત કરી જીવન ટૂંકાવી લીધું હતું. વધારે લોકોને જોયા બાદ ડિપ્રેશનમાં રહેતી વિદ્યાર્થિનીની દવા પણ ચાલતી હતી. દરમિયાન ગુરુવારે સવારે બેડરૂમમાં ફાંસો

...અનુસંધાન પાના 5 પર

આવા લોકોને અંતર્મુખી તરીકે ઓળખવામાં આવે છે: મનોચિકિત્સક

નવી સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સએ જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને એકલા રહેવું ગમે અને વધારે લોકોની આસપાસ રહેવું ન ગમે, તો આવી સ્થિતિને સામાન્ય રીતે "બીમારી" ન કહેવાય, પરંતુ તે વ્યક્તિના વ્યક્તિત્વની લાક્ષણિકતા અથવા મનોવૈજ્ઞાનિક સ્થિતિ હોઈ શકે. આવા લોકોને અંતર્મુખી (Introvert) તરીકે ઓળખવામાં આવે છે. અંતર્મુખી લોકોને એકલા સમય વિતાવવામાં આરામ અને ખુશી મળે છે, અને ઘણીવાર સામાજિક મેળાવડામાં વધુ સમય વિતાવવાથી તેઓ અસ્વસ્થ અથવા થાક અનુભવે છે. જો કે, જો આ લક્ષણો ખૂબ તીવ્ર હોય અને વ્યક્તિના રોજિંદા જીવન, સંબંધો કે કામકાજ પર નકારાત્મક અસર કરે છે.

સુરતના બિઝનેસમેન ઉમર જનરલના અરાફાત ગ્રુપ વિરુદ્ધ રાજસ્થાન સરકારની મોટી કાર્યવાહી

કોટા ડેવલપમેન્ટ ઓથોરિટીએ ફાળવેલી 227 એકર જમીનનો કબજો પરત લઈ લેવાયો

સુરતના બિઝનેસમેન ઉમર જનરલ સહિત કંપનીના ડિરેક્ટરો સામે 387 કરોડની મશીનરી ગાયબ કરવા અંગે ગુનો નોંધાયો

ફેક્ટરી બંધ રાખવા, લીઝની શરતોનો ભંગ અને કામદારોને ચૂકવણી ન કરવાના આક્ષેપ

સુરતઃ રાજસ્થાનના કોટામાં સ્થિત 'અરાફાત પેટ્રોકેમિકલ પ્રાઇવેટ લિમિટેડ (JK ફેક્ટરી)' વિરુદ્ધ કોટા ડેવલપમેન્ટ ઓથોરિટી (KDA)એ ભવિષ્યમાં ઉદ્યોગો માટે ઉપયોગી 227 એકર જમીનનો કબજો લઈ લીધો છે. આ જમીન લાંબા સમયથી પડી રહેલી હતી અને મેનેજમેન્ટ લીઝ શરતો અનુસાર ઉદ્યોગ શરૂ કરવામાં નિષ્ફળ ગયેલું છે. અરાફાત ગ્રુપ દ્વારા ઉદ્યોગો સ્થાપવાની જગ્યાએ જમીનોનો વેપાર અને મશીનરીનું વેચાણ કરવાના ગંભીર આક્ષેપો વચ્ચે સરકારે કડક પગલાં ભર્યા છે.

JK ફેક્ટરી વર્ષ 1960માં સ્થાપિત થઈ હતી અને 1997માં

...અનુસંધાન પાના 5 પર

મોહમ્મદ ઉમર જનરલએ ફોન ઉપાડ્યો નહોતો

KDAની ટીમે ભારે પોલીસ બંદોબસ્ત સાથે ઉદ્યોગના ચાર એકમ, ઓફિસો અને રેઝિડેન્શિયલ વિસ્તારોમાં બોર્ડ લગાવી જમીન કબજે લીધી છે. જો કે, માલિકો રહી રહ્યાં છે એવી અરાફાત કોલોનીની જમીનને હજુ જપ્ત કરાઈ નથી. બિઝનેસમેન મોહમ્મદ ઉમર જનરલને આ સમગ્ર ઘટના અંગે પુછવા બે વખત ફોન કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડ્યો નહોતો.

427 કરોડની મિલકત સમાધાનમાં ફક્ત 50-60 કરોડમાં અપાઈ, પરંતુ ઉદ્યોગ શરૂ ન થયો, ચૂકવણી પણ જ્યાંની ત્યાં

FIR પ્રમાણે, 2005માં BIFR દ્વારા અરાફાતને 427 કરોડની મિલકત ફક્ત 50-60 કરોડની સમાધાન રકમમાં સોંપાઈ હતી. જેમાંથી 43.69 કરોડ કામદારોને ચૂકવવાના અને 15 કરોડ જેકે ગ્રુપના દેવા ચૂકવવાના હતા. પણ ન તો ઉદ્યોગ શરૂ થયો કે ન ચૂકવણીઓ પૂરી થઈ. પરિણામે, હવે સરકાર દ્વારા જાહેર હિતમાં સીધો હસ્તક્ષેપ કરીને સમગ્ર જમીન પર ફરી કબજો મેળવાયો છે.

અરાફાત ગ્રુપે મશીનરી ગાયબ કરી વેચી મારી, તેની 387 કરોડની આવક સરકારી તિજોરીમાં જમા કરાવવા માંગ

ભાજપ યુવા મોરચાના કોટા જિલ્લાના અધ્યક્ષ સુદર્શન ગૌતમે IG રેન્જને આવેદનપત્ર આપીને આરોપ મૂક્યો કે અરાફાત ગ્રુપ દ્વારા મશીનરી ગાયબ કરી વેચી દેવામાં આવી છે અને તેના રૂપિયામાંથી રાજ્યને વંચિત રાખવામાં આવ્યું છે. તેમણે માંગ કરી છે કે, ગેરકાયદે વેચાણથી થયેલી આવક (387 કરોડ) વસૂલ કરી તિજોરીમાં જમા કરાવવી જોઈએ.

વિધાનસભા સુધી પડઘો: RIICO વિવાદિત બન્યું, બિલ સિલેક્ટ કમિટીને મોકલાયું

RIICOને જમીન વહેંચણી, ટ્રાન્સફર અને વિભાજનની સત્તા આપવા માટે રાજ્ય સરકાર 'રાજસ્થાન જમીન મહેસૂલ સુધારા બિલ-2025' લાવી હતી. પરંતુ વિપક્ષ દ્વારા કોટાની જાહેર મિલકતો બચાવવાનો મુદ્દો ઉઠાવતા, બિલને સિલેક્ટ કમિટીને મોકલવામાં આવ્યું છે.

એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં વિદ્યાર્થીને માથામાં કંઈ વાગ્યું ને અચાનક લોહી નીકળવા લાગ્યું!

ધો.12ના વિદ્યાર્થી વંશિલ રાણાની ઈજા સંદર્ભે ઘુંટાતું રહસ્ય, શું વાગ્યું તેની ખબર જ ન પડી

માથામાં માઈનોર હેમરેજ, આઈસીયુમાં દાખલ કરાયો, સ્કૂલ સત્તાધીશોના કારણ શોધવા ફાંફાં

પ્રાથમિકના વિભાગના વિદ્યાર્થીઓ ઉપરના માળે મસ્તી કરતા હતા: આચાર્ય

આચાર્ય કિશોર જાની જણાવે છે કે, બપોરે 12:20 વાગ્યે જ્યારે પ્રાથમિક શાળા છૂટી રહી હતી ત્યારે પ્રાથમિકના કેટલાક વિદ્યાર્થીઓ ઉપરના માળે મસ્તીમાં દેખાયા હતા. તેમ છતાં કઈ રીતે અને શું નીચે પડ્યું તે હજુ સુધી સ્પષ્ટ નથી. સીસીટીવીમાં પણ કોઈ સ્પષ્ટ દૃશ્ય મળ્યું નથી."

સુરતઃ શહેરની પ્રખ્યાત એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં આજે બપોરે એક ચોંકાવનારી ઘટના બની હતી, જેમાં ધોરણ 12માં અભ્યાસ કરતા વંશિલ શૈલેન્દ્ર રાણા નામના વિદ્યાર્થીના માથે અચાનક કોઈક ભારે વસ્તુ પડી જતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી માહિતી મુજબ બપોરે 12:20 વાગ્યે જ્યારે બીજા સત્રના વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશી રહ્યા હતા અને પ્રાથમિક વિભાગના બાળકો સ્કૂલ છોડીને જઈ રહ્યા હતા, ત્યારે જ વંશિલના માથામાં ઘાતક ઈજા થવાથી લોહી નીકળવા લાગ્યું હતું. આ દૃશ્ય જોઈ સ્કૂલના શિક્ષકો તેમજ આચાર્ય કિશોર જાની તાત્કાલિક દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તરત ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોના જણાવ્યા મુજબ તેને માઈનર હેમરેજ થયું છે. હાલ તે આઈસીયુમાં સારવાર હેઠળ છે. આ ઘટના દરમિયાન બીજા એક વિદ્યાર્થીને પણ સામાન્ય ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે.

સુરત એરપોર્ટના પાર્કિંગ એરિયામાં ફરી ડુક્કરોનું ટોળું દેખાતાં પ્રવાસીઓ ફફડ્યા

પશુઓ પકડવા અને બર્ડ હિટની ઘટના રોકવા કોન્ટ્રાક્ટરને 1.40 કરોડનો ઈજારો અપાયો છે, પરંતુ વ્યર્થ

વરસાદની સિઝનમાં નજીકનાં ગામોના ડુક્કરો ખોરાકની શોધમાં એરપોર્ટના એન્ટ્રી એક્ઝિટ ગેટથી પાર્કિંગ અને ગાર્ડન એરિયામાં ઘૂસી જાય છે



સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચોમાસાની ઋતુમાં ખોરાકની શોધમાં ફરી ડુક્કરોનું ટોળું ઘૂસી ગયું હતું. આ વખતે ફરી 5થી 6 ડુક્કરો એરપોર્ટના પે એન્ડ પાર્ક અને ગાર્ડનમાં દેખાતા પ્રવાસીઓએ એનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. સુરત એરપોર્ટ પર પશુઓ પકડવા અને બર્ડ હીટની

...અનુસંધાન પાના 5 પર

ટૂંક સમયમાં સમસ્યાનો નિકાલ આવી જશે: એરપોર્ટ ઓથોરિટી

એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, વરસાદની સિઝનમાં આસપાસના ગામોમાં ફેલાયેલા ડુક્કરો ખોરાકની શોધમાં એરપોર્ટમાં આવી જાય છે. જો કે, ટર્મિનલ બિલ્ડિંગ અથવા ઓપરેશનલ એરિયામાં ન આવે એ માટે અમે પૂરતી વ્યવસ્થા રાખી છે. એન્ટ્રી ગેટ નજીક ડુક્કરોને પકડવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. ટૂંક સમયમાં આ સમસ્યાનો નિકાલ આવી જશે.

છઠ્ઠી પૂણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી

સ્વ. વનિતાબેન આલોકકુમાર પટેલ
સ્વ.તા.૦૯/૦૮/૨૦૧૯

આપની હયાતી અમારી પ્રેરણા હતી આપના આદર્શ અને કાર્યદક્ષતા અમારા માર્ગદર્શક હતા. આપનો માયાળુ અને નિઃસ્વાર્થ સ્વભાવ અમોને સદા પ્રેરણા આપતો રહેશે. તમારા અથાગ પરિશ્રમ દ્વારા સાંપડેલી પ્રગતિ, સિધ્ધી, સિધ્ધી અને જીવનભરના શ્રમયજ્ઞની ફલસિધ્ધી માટે અમો આપના સદાય ઋણી છીએ. આવા પુણ્યશાળી આત્માને પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય શાંતિ અર્પે એવી પ્રાર્થના.

શોકાતુર

આલોકકુમાર સુરેશભાઇ પટેલ | સિધ્ધી સાગર પટેલ
સાગર આલોકકુમાર પટેલ | ડેઝી આલોકકુમાર પટેલ
રાધા-કૃષ્ણ હિન્દી વિદ્યાલય | રાધેશ્યામ ઈંગ્લિશ સ્કૂલ
સાગર ઈંગ્લિશ સ્કૂલ | શાળા પરિવાર શિવ સાગર સ્કૂલ

પ્રથમ પૂણ્યતિથિએ પુ.બાને હાર્દિક શ્રધ્ધાંજલિ

સ્વ. તારાબેન અમીચંદ રાણા
સ્વ. તા. ૦૯/૦૮/૨૦૨૪

આપની વિદાયને આજે એક વર્ષ પૂર્ણ થયુ હોવા છતાં એમ લાગે છે, આપ હંમેશા અમારી સાથે જ છો. તમારો અખૂટ લાગણી સાથેનો પ્રેમાણ, દયાળુ, પરોપકારી સ્વભાવ ક્યારેય વિસરાશે નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના.

શરદકુમાર અમીચંદ રાણા
પરવીનબેન શરદકુમાર રાણા
નિર્મલ, કપિલ, મમતા, જિગીષા, મૈત્રી, મેઘ, શ્રેય, સીયા

પાંચમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

સ્વ.રમીલાબેન દેવચંદભાઈ પટેલ
સ્વ.તા.૦૯/૦૮/૨૦૨૦

હયાતીની હસ્તાક્ષર સમી આપની યાદ, અમ હૃદય પર કોરાઈ છે.
આપની હુંફ અને હાજરી પરિવારમાં પ્રતિક્ષણ અનુભવાય છે,
ચર્મ ચક્ષુથી દુર છો તો શું થયું અંતર ચક્ષુમાં છબી હંમેશા આપની સચવાઈ છે.
આપની પુણ્ય સ્મૃતિ સહ ભાવભીની શ્રધ્ધાંજલિ.

લિ. નિરવ હર્ષદભાઈ પટેલ (જમાઈ)
જાગૃતિ નિરવભાઈ પટેલ (પુત્રી)
નિરાલી, હાર્દિક, અનેરી
સરનામું : ૧૫, શ્રીરંગકૃપા સોસાયટી, જમનાનગર, ઘોડદોડ રોડ, સુરત.

અવસાન /બેસણું



સ્વ. જયેન્દ્રભાઇ હીરાલાલ ટીકાવાલા
સ્વ.તા.૦૮-૦૮-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પતિ/પિતાશ્રી સ્વ. જયેન્દ્રભાઇ હીરાલાલ ટીકાવાલાનું તા.૦૮-૦૮-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

સ્મશાન યાત્રા
તા.૦૯/૦૮/૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૯.૦૦ વાગે અમારા નિવાસસ્થાનેથી રામનાથ ઘેલા, ઉમરા જશે.

સદ્‌ગતનું બેસણું
તા.૧૦/૦૮/૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન શાંતિ મંગલ હોલ, આઇ.સી.ગાંધી સ્કુલની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

લિ.
નિર્મળાબેન જયેન્દ્રભાઇ ટીકાવાલા (પત્ની) | સ્વ. અરવિંદલાલ હીરાલાલ ટીકાવાલા(ભાઇ)
સ્વ.ભદ્રેશ જયેન્દ્રભાઇ ટીકાવાલા (પુત્ર) | ઇશ્વરલાલ હીરાલાલ ટીકાવાલા (ભાઇ)
રાકેશ જયેન્દ્રભાઇ ટીકાવાલા (પુત્ર) | અશોક હીરાલાલ ટીકાવાલા(ભાઇ)
હેત રાકેશ ટીકાવાલા (પૌત્ર)

Wonlene TEC FAB INDIA
જય ટેક્ષટાઇલ, નીરૂ ટેક્ષટાઇલ, રાધેકિષ્ણ ફેબ્રીકસ, હીના ફેશન
નિવાસ સ્થાનઃ સી-૭૭, શ્રધ્ધા સોસાયટી, રોયલ પાર્ક સોસાયટીની પાછળ, સુમુલ ડેરી રોડ, સુરત.

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્મિત ભરેલું જીવન જીવી ગયા,
સ્નેહથી સૌના હૈયામાં વસી ગયા,
આપની પ્રેમાળ છબી અમારા હૈયામાં અકબંધ રહેશે.
સમય તો વિતતો જશે પરંતુ આપની સેવા રૂપી છાયા સદાય અમારી સાથે રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના..

સ્વ:- મગનભાઈ ગોપાળભાઈ આહિર
જન્મ તા. ૦૧/૦૬/૧૯૫૪
સ્વ. તા. ૦૩/૦૮/૨૦૨૫
ગામ : વડલા

લિ.
શ્રી ડાહ્યાભાઈ સુખાભાઈ આહિર (સાળા)
શ્રી પિયુષભાઈ ડાહ્યાભાઈ આહિર (ભત્રીજા)
ગામ ભીમરાડ